# એસી ટ્રેન ભાડામાં ત્રણ ટકાથી વધુનો વધારો

નવીદિલ્હી,તા.૨૭

એસી ટ્રેનમાં મુસાફરી કરતાં યાત્રીઓ માટે નવો બોજ પહેલી ઓક્ટોબરથી અમલી બનનાર છે. રેલવે દ્વારા એસી ટ્રેન ભાડામાં પહેલી ઓક્ટોબરથી ત્રણ ટકાથી વધુનો વધારો કરી દેવાયો છે. તૃણમૂલ કોંગ્રેસની યુપીએમાંથી બાદબાકી થયા બાદ યુપીએ સરકારે એકપછી એક કઠોર નિર્ણય લેવાની શરૂઆત કરી દીધી છે. આજ દિશામાં આગળ વધીને નાણા મંત્રાલયે એસી રેલવે પ્રવાસ પર સર્વિસ ટેક્સ અને નુરનાં સર્વિસ દરો લાગુ કરી દીધાં છે. આનો મતલબ એ થયો કે એસી ટ્રેન ભાડામાં ત્રણ ટકાથી વધુનો ઘટાડો થશે. પહેલી ઓક્ટોબરથી ભાડામાં ૩.૭ ટકાનો વધારો થશે. એસી ફર્સ્ટક્લાસ, એક્ઝીક્યુટીવ ક્લાસ, એસી-ટુ ટાયર, એસી-થ્રી ટાયર, એસીચેરકારનાં ભાડા પહેલી ઓક્ટોબરથી ૩.૭ ટકા સુધી વધી જશે. આ અંગેનું જાહેરનામું જારી કરી દેવામાં આવ્યું છે. રેલવે મંત્રાલય દ્વારા આ મુજબની માહિતી અપાઈ છે. રેલવે પ્રધાન સી.પી.જોશી અને નાણા મંત્રી પી.ચિદમ્બરમ વચ્ચે બુધવારે અતિમહત્વપૂર્ણ મિટિંગ યોજાઈ હતી જેમાં એસીક્લાસ પર સર્વિસ ટેક્સ તથા નુર સર્વિસ અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સર્વિસ ટેક્સ એડવાન્સાં જારી કરવામાં આવેલી ટિકટ ઉપર લાગુ થશે. સર્વિસ ટેક્સ વગર જારી કરી દેવામાં આવેલી ટિકિટોનાં કેસમાં આની નવી રીતે ખાતરી કરવામાં આવશે. આવી સ્થિતિમાં આ રકમ ટ્રેનમાં ટીટીઈ અથવા બુકિંગ ઑફિસ પર લઈ લેવામાં આવશે. યાત્રીઓ દ્વારા ટિકીટ રદ કરવાનાં કેસમાં સર્વિસ ટેક્સ રેલવે દ્વારા રિફંડ કરવામાં આવશે નહીં. કન્સેશનલ ટિકીટ પર સર્વિસ ચાર્જ કુલ ભાડાના ૩૦ ટકા સુધી રહેશે. સર્વિસ ટેક્સ ૧૨.૩૬ ટકા છે પરંતુ આની ગણતરી જુદી રીતે કરવામાં આવી રહી છે. એસીક્લાસમાં મુસાફરી કરતાં યાત્રીઓને આ વર્ષે જુલાઈમાં સર્વિસ ટેક્સની જાળમાં આવરી લેવામાં આવ્યા હતાં. ફાયનાન્સ બિલ ૨૦૧૨ મુજબ આ લોકોને જાળમાં લેવામાં આવ્યા હતાં. નુરના દર ઓક્ટોબરથી ૩.૭૦૮ ટકા સુધી વધશે. નુર પર સર્વિસ ટેક્સની કેન્દ્રીય બજેટ ૨૦૦૯માં જાહેરાત કરવામાં આવી હતી પરંતુ તત્કાલીન રેલવે મંત્રી મમતા બેનર્જીએ આ યોજનાનો વિરોધ કર્યો હતો.

**ભાડામાં વધારો........**

- એસી ક્લાસનાં ભાડા પહેલી ઓક્ટોબરથી વધુ મોંઘા
- એસી ક્લાસની તમામ ટિકિટ પર ૩.૭ ટકાનો વધારો
- એસી ફર્સ્ટક્લાસ, એક્ઝીક્યુટીવ ક્લાસ, એસી-૨ ટાયર, એસી-૩ ટાયર, એસીચેરકારનાં ભાડામાં ૩.૭ ટકાનો વધારો
- સી.પી.જોશી અને ચિદમ્બરમ વચ્ચેની બેઠકમાં નિર્ણય
- ટિકિટ રદ્દ થવાનાં કેસમાં સર્વિસ ટેક્સ રિફંડ થશે નહીં
- કન્સેશનલ ટિકિટ પર સર્વિસ ચાર્જ કુલ ભાડાના ૩૦ ટકા સુધી રહેશે
- એસીક્લાસમાં મુસાફરી કરતાં યાત્રીઓને આ વર્ષે જુલાઈમાં સર્વિસ ટેક્સની જાળમાં લેવાયા હતાં
- નુરના દરમાં ઓક્ટોબરથી વધારો કરાયો
- નુર ઉપર સર્વિસ ટેક્સની જાહેરાત ૨૦૦૯-૧૦નાં કેન્દ્રીય બજેટમાં કરાઈ હતી
- જે યાત્રી ટિકીટ બુક કરાવી ચૂક્યાં છે તેમને પણ વધુ પૈસા આપવા પડશે



# સમાચાર ઝલક

- ભેટ-સોગાદો નિવૃતિ સમયે સાથે લઇ ગયેલા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રતિભાદેવી પાટિલ પાસે ઉઘરાણી કરતાં રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજી.
- હજુ ઓગષ્ટ-નવેમ્બરમાં પણ વરસાદ થાય તેવા સંજોગો.
- મનીઓર્ડર અને રજિસ્ટર્ડ એ.ડી. મળ્યાની સ્લીપ ન મળે તો ગ્રાહક પંચાયતમાં ફરિયાદ નોંધાવે, રાજકોટ ડાક અદાલતમાં રજૂઆત.
- બાકી વીજ બિલ માફી યોજનાનો લાભ ૩૧મી ડિસેમ્બર સુધી મળશે.
- ભારતીય સૈના યુધ્ધ કવાયત માટે સંપૂર્ણપણે સજ્જ થઇ. અત્યાર સુધીનો સૌથી મોટો યુધ્ધાભ્યાસ.
- આ છે પશ્ચિમ બંગાળ !!! નેતાની હાજરીમાં જ મોડેલ અભિનેત્રીના કપડાં ફાડી ટોળાએ મારપીટ કરી, નેતાજી જોતા જ રહ્યાં.
- ઓબામા ચૂંટણી જીતશે તો સિંગર મેડોના ન્યૂડ થશે.
- કેન્દ્ર સરકારની મહત્ત્વાકાંક્ષી આરોગ્ય યોજના, દેશના કોઇ પણ ભાગમાં ૩૦ મીનીટના અંતરે તબીબી સેવા.
- ત્રણ વર્ષમાં શેર - રીયલ એસ્ટેટ કરતાં સોનાનાં રોકાણમાં વધુ કમાણી.
- ગરીબી રેખાની ઉપર પણ ખરેખર ગરીબોને પણ અનેક સરકારી યોજનાનો લાભ મળશે.
- વિધાનસભાની ચૂંટણીનું એ.પી.સેન્ટર બનશે સૌરાષ્ટ્ર.
- સોમનાથમાં સોનાનું થાળું બનાવવામાં આવશે, સૂરતના બે વેપારીઓ કરોડોનું દાન કરશે, મંદિર સાથે ચાલતી મંત્રણાઓ.

# સર્ચ એન્જિન ગૂગલના ૧૪માં જન્મ દિવસની ભવ્ય ઉજવણી

સાનફ્રાન્સિસકો, તા. ૨૭

મહાકાય સર્ચ એન્જિન ગૂગલના જન્મ દિવસે આજે કંપનીના લોકો દ્વારા વિશેષ રીતે ઉજવણી કરવામાં આવી રહી છે. કેલિફોર્નિયામાં હેડક્વાર્ટર ખાતે ઘણા કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા છે. ગૂગલને આજે ૧૪ વર્ષ પૂરા થયા છે. ગૂગલના લોગોના લેટર્સ ઉપર કેક પણ મૂકવામાં આવી છે. સાથે સાથે કેકની નીચે વિધિવત રીતે મીણબત્તીઓ પણ મૂકવામાં અવી છે. ૧૪ મીણબત્તીઓ ગોઠવવામાં આવી છે. ગૂગના જન્મ દિવસની તારીખને લઈને





હજુ સુધી સતત ચર્ચા રહી હતી. ૨૦૦૫ સુધી સર્ચ એન્જિન ગૂગલના જન્મ દિવસની ઉજવણી ૭મી સપ્ટેમ્બરના દિવસે કરવામાં આવતી હતી. તે પહેલાં ૪થી સપ્ટેમ્બરે તેના જન્મ દિવસની ઉજવણી કરાતી હતી. જો કે ભારે ચર્ચા જન્મ દિવસને લઈને વારંવાર થયા બાદ ૨૦૦૫માં સર્ચ એન્જિન ગૂગલે વિધિવત રીતે રજૂઆત કરીને જન્મ દિવસની ઉજવણી દર વર્ષે ૨૭મી સપ્ટેમ્બરે ઉજવવાનો નિર્ણય કર્યો હતો. ગૂગલની સ્થાપના લેરી પેજ અને સર્જીબ્રિન દ્વારા કરવામાં આવી હતી. વિશ્વની માહિતી એક જગ્યાએ એકત્રિત કરવાનો આની પાછળ હેતુ હતો. ગૂગલ સર્ચ એન્જિનની આજે સૌથી વધારે લોકપ્રિયતા થઈ ગઈ છે. ગૂગલમાં દરેક પ્રકારની માહિતી ઉપલબ્ધ થઈ ચૂકી છે.

# રૂપિયામાં ઉથલ-પાથલને રોકવા તમામ પગલાં લેવાશે : ચિદમ્બરમ

નવી દિલ્હી,તા. ૨૭

કેન્દ્રિય નાણાંપ્રધાન પીચ ચિદમ્બરમે આજે કહ્યું હતું કે રૂપિયામાં ઉથલપાથલને રોકવા માટે શ્રેણીબદ્ધ પગલા લેવામાં આવનાર છે. રૂપિયામાં ઉથલપાથલને રોકવા માટે અનેક પગલા લેવા વડા માટે વડાપ્રધાન મનમોહનસિંહ ઈચ્છા વ્યક્ત કરી ચુકયા છે. શાસક ગઠબંધન ભાગીદારોની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે કયા પગલા લેવામાં આવી શકે છે તે અંગે વાત કરવી મુશ્કેલ છે. પરંતુ પગલા ચોક્કસપણે લેવામાં આવનાર છે.

અત્રે ઉલ્લેખની ય છે કે ફેબ્રુઆરીની શરૂઆતમાં ઉંચી સપાટીથી રૂપિયો ૧૫ ટકાથી વધુ ઘટી ગયો છે. જો કે ૨૨મી જુન બાદથી તેમાં ૭.૫ ટકાની રિકવરી પણ જોવા મળી છે. ચિદમ્બરમે કહ્યું હતું કે રૂપિયામાં કોઈ ઉતારચઢાવ નહી થાય તે માટે પગલાની હિલચાલ ચાલી રહી છે.



દરમિયાન કોંગ્રેસ સંકલન સમિતિની બેઠક બાદ ચિદમ્બરમે કહ્યું હતું કે, સુધારાઓને લઈને તમામ સાથી પક્ષો સંપૂર્ણપણે સહમત છે. આજે યોજાયેલી બેઠકમાં તમામ પાસાંઓ પર વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં વડાપ્રધાન મનમોહનસિંહે વિદેશી મુડીરોકાણ જારી રહે અને આના માટે આર્થિક સુધારાઓની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ચિદમ્બરમે બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરી હતી. તેમણે કહ્યું હતું કે, છેલ્લાં દસ દિવસની અંદર જાહેર કરવામાં આવેલાં નિર્ણયો બાદ સ્થિતિની સમીક્ષા કરવામાં આવી છે. સરકાર દ્વારા લેવામાં આવેલાં તમામ પગલાંઓ સંતોષજનક છે. જોકે કેટલાંક નિર્ણય પ્રજા પર બોજ નાંખી શકે છે પરંતુ આ નિર્ણયો દેશની આર્થિક સ્થિતિને મજબુત કરવા માટે અતિજરૂરી હતાં. સોનિયા ગાંધીનાં નેતૃત્વમાં બેઠક યોજાઈ હતી. બે દિવસ પહેલાં જ કોંગ્રેસ કારોબારી સમિતિની બેઠક યોજાઈ હતી જેમાં વડાપ્રધાન મનમોહનસિંહ દ્વારા લેવામાં આવેલાં પગલાંઓને ટેકો આપવામાં આવ્યો હતો. ચિદમ્બરમે કહ્યું હતું કે, હાલમાં લેવાઈ રહેલાં પગલાં બિલકુલ વાજબી છે. તેમણે કહ્યું હતું કે, આજની બેઠકમાં વીમા અને પેન્શન ક્ષેત્રમાં એફડીઆઈ જેવાં સુધારાનાં વિકલ્પ પર ચર્ચા થઈ નહતી.

# પાકિસ્તાન-આફ્રિકા વચ્ચે આજે ટ્વેન્ટી જંગ ખેલાશે

કોલંબો, તા.૨૭

કોલંબોમાં પાકિસ્તાન અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આવતીકાલે ખરાખરીનો જંગ ખેલાશે. દક્ષિણ આફ્રિકા મોટી મેચમાં હારી જવાની પોતાની છાપમાંથી બહાર નીકળવાના પ્રયાસ કરશે. બીજી બાજુ પાકિસ્તાન છેલ્લા ઘણા સમયથી ક્રિકેટમાં થયેલી તેની ખરાબ પ્રતિષ્ઠાને સુધારવાના હેતુસર મેદાનમાં ઉતરશે. બંને ટીમો સંતુલિત દેખાઈ રહી છે છતાં પાકિસ્તાની ખેલાડીઓનો નૈતિક જુસ્સો ઊંચો દેખાઈ રહ્યો છે. પાકિસ્તાને હાલમાં જ ગ્રૂપ તબક્કામાં સારો દેખાવ કર્યો છે અને પોતાની હરીફ ટીમોને સરળતાથી હાર આપી છે. આવી સ્થિતિમાં પાકિસ્તાનની ટીમ આવતીકાલની મેચ માટે ફેવરીટ દેખાઈ રહી છે. આ મેચનું પ્રસારણ બપોરે ૩.૩૦ વાગે સ્ટાર ક્રિકેટ પરથી કરવામાં આવશે. ક્રિકેટ ચાહકો અને ખાસ કરીને પાકિસ્તાની ચાહકો ટીમના સ્ટાર ખેલાડીઓ ઉપર નજર કેન્દ્રીત કરી ચૂક્યા છે. શાહીદ આફ્રિદી, ઈમરાન નઝીર ઉપર નજર રહેશે.

પાકિસ્તાન ટીમ : મોહમ્મદ હફીઝ (કેપ્ટન) રઝાક, અસદ શફીક, ઈમરાન નજીર, કામરાન અકમલ, મોમ્મદ સામી, નાસિર જમશેદ, રાજા હસન, સઈદ અજમલ, શાહિદ આફ્રિદી, સોએબ મલિક, શોએબ તનવીર, ઉમર અકમલ, ઉમર ગુલ, યાસિર અરાફત

દક્ષિણ આફ્રિકા ટીમ : એ બી ડિવીલીયર્સ (કેપ્ટન), અમલા, બેહરદીન, બોથા, ડ્યુમીની, ફ્લેસિસ, કાલિસ, લેવી, એવી મોર્કલ, મોર્ન મોર્કલ, જસ્ટિન ઓનટોન્ગ, વાયને પારનેલ, પીટરસન, સ્ટેન, સોત્સોબે

# વોક્સવેગનની નવી કાર ભારતમાં લૉન્ચ કરાઈ

નવીદિલ્હી,તા.૨૭

યુરોપની મહાકાય કાર કંપની વોક્સવેગને આજે ભારતમાં તેનાં નવાં સ્પોર્ટસ યુટિલિટી વાહન ટાઉરેગ લૉન્ચ કરીને કિંમતી કારનાં શોખીનોને આમંત્રણ આપ્યું છે. દિલ્હીમાં એક્સ શોરૂમ ઉપર આ કારની કિંમત ૫૮.૫ લાખ રૂપિયા રાખવામાં આવી છે. નવી પેઢીની આ કાર ઓટોમેટિક ટ્રાન્સમિશનમાં ડીઝલમાં ઉપલબ્ધ રહેશે. સપ્ટેમ્બરનાં અંતથી બજારમાં આ કાર મળી શકશે. એક નિવેદનમાં કંપનીએ આ મુજબની માહિતી આપી છે. આ વાહનમાં ત્રણ લિટર એન્જિન છે. કંપનીએ દાવો કર્યો છે કે, ફ્યુઅલ માઈલેજ ૧૨.૦૮ કિલોમીટર પ્રતિ કલાક છે. લૉન્ચિંગ પ્રસંગે વોક્સવેગન પેસેન્જર કાર્સનાં મેનેજિંગ ડિરેક્ટર અરવિંદ સકસેનાએ કહ્યું છે કે, અમારી એકંદરે વ્યુહાત્મક વિકાસ યોજના માટે ભારત ચાવીરૂપ માર્કેટ છે. ભારત કાર બજારમાં શક્તિશાળી રીતે ઉભરી રહ્યું છે. કસ્ટમરોની સંખ્યા વધી રહી છે. આ કાર ઉપરાંત વોક્સવેગન ભારતમાં પોલો અને સિડાન વેન્ટો, ફાયટોન, જેટાપાસેટ જેવી કાર વેચે છે.



# જનરલ મોટર્સ પહેલીથી કાર કિંમતો વધારી દેશે

જનરલ મોટર્સ ઈન્ડિયાએ આજે કહ્યું હતું કે, તે પહેલી ઓક્ટોબરથી તેનાં તમામ મોડલની કિંમતમાં ભાવ વધારો કરનાર છે. વધતાં જતાં ઉત્પાદન ખર્ચને પહોંચી વળવાના હેતુસર આ નિર્ણય લેવામાં આવ્યો છે. વધારો કેટલો કરાશ તે અંગે હજુ નિર્ણય લેવાયો નથી. ટૂંક સમયમાં જ આ સંબંધમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવશે. તાજેતરમાં નુરના ખર્ચમાં વધારો થયો છે. ઉત્પાદન ખર્ચ વધી ગયો છે. જનરલ મોટર્સ ઈન્ડિયાનાં ઉપપ્રમુખ પી.બાલેન્દ્ર દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. કંપની એન્ટ્રી લેવલની નાની કાર સ્પાર્કથી હાઈએન્ડ સ્પોર્ટ્સ વાહન કેપ્ટીવાનું વેચાણ કરે છે. કંપનીનાં વાહનોની કિંમત ૨.૮૫ લાખથી શરૂ થાય છે. સ્પાર્કની કિંમત ૨.૮૫ લાખ છે જ્યારે કેપ્ટિવાની કિંમત દિલ્હીમાં એક એક્સ શોરૂમ ઉપર ૨૪.૬ લાખની છે. જનરલ મોટર્સ ઈન્ડિયાએ આ નિર્ણય એવા સમયે લીધો છે જ્યારે અન્ય કાર કંપનીઓ પણ તેમની સંબંધિત પ્રોડક્ટની કિંમતમાં વધારો કરવાની જાહેરાત કરી ચુકી છે. હોન્ડા કાર્સ ઈન્ડિયા અને મારૂતિ સુઝુકીએ તેમની પ્રોડક્ટની કિંમતમાં વધારો કરવાની જાહેરાત કરી દીધી છે. હોન્ડા અને મારૂતિએ પણ ઉત્પાદન ખર્ચમાં વધારો તથા પ્રતિકુળ ચલણ અસ્થિરતાની અસર માટે મુખ્ય કારણો આપ્યાં છે. હોન્ડા કાર્સ ઈન્ડિયા તેનાં ત્રણ મોડલો બ્રિઓ, જજ અને સિટીની કિંમતમાં પહેલી ઓક્ટોબરથી ૨.૬ ટકા સુધીનો વધારો કરશે. બીજીબાજુ દેશની બીજી સૌથી મોટી કાર બનાવતી કંપની મારૂતિ સુઝુકી ઈન્ડિયાએ એક સપ્તાહની અંદર તેનાં વાહનોની કિંમતમાં વધારો કરવાની જાહેરાત કરી દીધી છે.

**ખજાનો** (પાના નં. ૪ નું ચાલુ)

(૪) ધાર્મિક શૈલેષભાઈ પટેલ : સે-૨૦થી
પ્રશ્ન - રેડક્લીફ લાઈન કયાં આવેલી છે?
જવાબ - ભારત-પાકિસ્તાન
(૫) લમ્હા આર. જાદવ : સે-૩૦થી
પ્રશ્ન - ટૉમેલી કોણ હતા?
જવાબ - ઈ.સ. પૂર્વે ૧૨૦-૮૫ માં ગ્રીસના મહાન ખગોળશાસ્ત્રી હતા?

**● આ સપ્તાહનો સવાલ...?**

તાજેતરમાં મહારાષ્ટ્રના કયા ઉપમુખ્યમંત્રી સિંચાઈ વિભાગના ભ્રષ્ટાચારમાં વિવાદાસ્પદ બન્યા છે?

*આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ*

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

**● સાચા જવાબો :-**

(૧)ગ (૨)ક (૩)ખ (૪)ક (૫)ખ (૬)ઘ (૭)ખ (૮)ક (૯)ઘ
(૧૦)ક (૧૧)ખ (૧૨)ગ (૧૩)ખ (૧૪)ઘ (૧૫)ક

# ભારત અને ઓસ્ટ્રેલિયાની વચ્ચે આજે રોમાંચક જંગ

કોલંબો, તા.૨૭

આઈસીસી ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપમાં સુપર એઈટ તબક્કામાં આવતીકાલે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ખરાખરીનો જંગ ખેલાશે. અસલી રોમાંચકતા હવે શરૂ થશે. કારણ કે તમામ ટોચની ટીમો સુપર એઈટમાં આવી ગઈ છે. ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયા સામે હવે પડકારરૂપ સ્થિતિ સર્જાશે. ભારતીય ટીમ માટે સુપર એઈટમાં પહોંચતા પહેલાનો તબક્કો શ્રેષ્ઠ રહ્યો નથી. ભારતીય ટીમને જીત મેળવવા માટે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે તે જોતા સુપર એઈટના તબક્કામાં ભારતને ખૂબ જ સાવધાની રાખવી પડશે. કારણ કે સુપર એઈટના તબક્કામાં હારનાર ટીમને ઘર ભેગા થવાની ફરજ પડશે. ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયા પાસે ધરખમ બેટ્સમેનો છે જેમાં વિરેન્દ્ર સહેવાગ, ગૌતમ ગંભીર, સુરેશ રૈના, રોહિત શર્માનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઓલરાઉન્ડર યુવરાજસિંહ પણ છે. બીજી બાજુ ઓસ્ટ્રેલિયાની ટીમ નવા ખેલાડીઓથી ભરપૂર દેખાઈ રહી છે. શેન વોટ્સન, કેપ્ટન બેલી જેવા ખેલાડી ટીમને નવી ઊંચાઈ તરફ લઈ જવા ઉત્સુક દેખાઈ રહ્યા છે. જો કે તમામ ક્રિકેટ ચાહકોની નજર ભારતીય સ્ટાર ખેલાડીઓ ઉપર રહેશે. ભારતીય ટીમ માટે નિરાશાજનક બાબત એ છે કે હજુ સુધી સહેવાગ અને ગૌતમ ગંભીરની જોડી જામી શકી નથી. વિરેન્દ્ર સહેવાગ નારાજ દેખાઈ રહ્યો છે. ઈંગ્લેન્ડ સામેની અંતિમ ઈલેવનમાંથી તેને પડતો મૂકવામાં આવ્યો હતો. સહેવાગે પ્રેક્ટીસ પણ કરી નથી તેવું જાણવા મળ્યું છે જો કે આ સંબંધમાં ટીમ મેનેજમેન્ટે સાફ શબ્દોમાં કહ્યું છે કે નબળી ફિટનેશના કારણે પ્રેક્ટીસ કરી ન હતી.





ધોની આવતીકાલે ઓસ્ટ્રેલિયા સામેની મેચમાં તેને રમાડશે કે કેમ તેને લઈને સસ્પેન્સની સ્થિતિ બનેલી છે. સુપર એઈટમાં ગ્રૂપ બીમાં ભારત, ઓસ્ટ્રેલિયા, પાકિસ્તાન, આફ્રિકા જેવી ટીમો આવી છે જેથી એક પણ મેચ હારી જવાની સ્થિતિ મુશ્કેલી સર્જી શકે છે. બંને ટીમો નીચે મુજબ છે. ભારતીય ટીમ : ધોની (કેપ્ટન), ગૌતમ ગંભીર (વાઈસ કેપ્ટન), અશ્વીન, બાલાજી, પિયુષ ચાવલા, અશોક ડીંડા, હરભજનસિંહ, ઝહીર ખાન, વિરાટ કોહલી, ઈરફાન પઠાણ, સુરેશ રૈના, વિરેન્દ્ર સહેવાગ, રોહીત શર્મા, મનોજ તિવારી અને યુવરાજસિંહ

ઓસ્ટ્રેલિયા ટીમ : જ્યોર્જ બેલી (કેપ્ટન), શેન વોટ્સન, ક્રિસ્ટીયન, કમીન્સ, દોહર્ટી, હિલ્ફેનહોસ, બ્રેડ હોગ, ડેવીડ હસ્સી, માઈક હસ્સી, મકાય, મૈક્સવેલ, સ્ટાર્ક, મૈથ્યુ વાડે, વોર્નર, કેમરુન વ્હાઈટ

**ભારે વરસાદ જારી રહેતા બચાવ કામગીરીમાં અડચણ**

# આસામ સહિત ઉત્તર પૂર્વમાં પૂરની સ્થિતિ વધુ ગંભીર થઈ

ગુવાહાટી, તા.૨૭

આસામ અને ઉત્તર પૂર્વીય ભારતમાં પૂરની સ્થિતિ હજુ પણ ચિંતાજનક બનેલી છે. આસામમાં મોતનો આંકડો વધીને ૧૮ ઉપર પહોંચી ગયો છે. નવેસરથી વરસાદ થવાના કારણે નવી સમસ્યા ઊભી થઈ ગઈ છે. ઉત્તર પૂર્વીય ભારતમાં ૨૦ લાખથી વધુ લોકોને તેમના ઘરથી દૂર જતા રહેવાની ફરજ પડી છે. આસામમાં બચાવ અને રાહત કામગીરી ઉપર નજર રાખી રહેલા ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારીઓએ કહ્યું છે કે પૂર સંબંધિત બનાવમાં મોતનો આંકડો ૧૮ ઉપર પહોંચ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં વધુ પાંચનો મોત થયા છે. આ વખતે ત્રીજી વખત આસામમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. સરંક્ષણ મંત્રાલય દ્વારા હેલિકોપ્ટરો પણ આપવામાં આવ્યા છે. આસામમાં ઘણા ભાગોનો સંપર્ક તૂટી ગયો છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આસામમાં ૨૦ લાખ લોકોને અસર થઈ છે. ઓછામાં ઓછા ૧૯ જિલ્લાઓમાં અસર થઈ છે. ૨૭ જિલ્લાઓ પૈકી ૧૯ જિલ્લામાં રહેતા લોકો પૂરનો સામનો કરી રહ્યા છે.

આસામમાં ૪૦૦૦૦૦ હેક્ટર પાક જમીનને અસર થઈ છે. પ્રાથમિક અંદાજમાં જાણવા મળ્યું છે કે પૂરના કારણે અર્થતંત્રને પણ ભારે નુકસાન થયું છે. રાજ્યમાં ગયા મહિને સાંપ્રદાયિક હિંસા થઈ હતી અને હવે છેલ્લા ચાર મહિનામાં ત્રીજી વખત પુરની સ્થિતિ ઊભી થઈ ગઈ છે. વર્ષ ૨૦૦૪માં આસામમાં પૂરની ગંભીર સ્થિતિ સર્જાઈ હતી. એ વખતે ૨૦૦ લોકોના મોત થયા હતા અને ૫૦ લાખ લોકોને તેમના ઘર છોડવાની ફરજ પડી હતી. અરુણાચલમાં પણ ભારે વરસાદ થઈ રહ્યો છે. બ્રહ્મપુત્ર નદીમાં પાણીની સપાટી સતત વધી છે. આસામમાં કાજીરંગા નેશનલ પાર્કમાં પ્રાણીઓને પણ અસર થઈ છે.

# વિદેશી પ્રવાસો પર પ્રધાનોએ અબજો રૂપિયાનો કરેલો ખર્ચ

નવી દિલ્હી, તા.૨૭

દેશમાં આર્થિક મંદીની કોઈ અસર મંત્રીઓ ઉપર દેખાઈ રહી નથી. કેન્દ્ર સરકારના મંત્રીઓએ વિદેશી પ્રવાસો પાછળ અબજો રૂપિયા ખર્ચ કર્યા છે. આ ગાળા દરમિયાન થયેલા ખર્ચની વિગતો હવે આરટીઆઈ એક્ટ હેઠળ માગવામાં આવી છે. જેનાથી ચોંકાવનારી વિગત સપાટી ઉપર આવી છે. માત્ર એક વર્ષના ગાળામાં જ આ પ્રવાસો પર થનાર ખર્ચમાં ૧૨ ગણો વધારો થયો છે. આરટીઆઈ એક્ટ હેઠળ માગવામાં આવેલી માહિતીમાં આ મુજબનો ખુલાસો થયો છે. ફાળવણી કરતા ૧૫ ગણો વધારે ખર્ચ કરવામાં આવ્યો છે. વિતેલા નાણાંકીય વર્ષમાં આ પ્રવાસ માટે ૪૭ કરોડ રૂપિયાની રકમ ફાળવવામાં આવી હતી પરંતુ ખર્ચની રકમ છ અબજ રૂપિયાથી પણ વધી ગઈ છે. પ્રથમ વખત ખર્ચનો આંકડો એક અબજથી પણ વધુ થઈ ગયો છે. અહેવાલ મુજબ આ પ્રવાસો દરમિયાન અંધાધૂંધી ખર્ચ કરવામાં આવ્યો છે. તત્કાલીન નાણાંમંત્રી પ્રણવ મુખરજીએ પ્રશ્નો ઉઠાવ્યા હતા અને ખર્ચમાં કાપ મૂકવાના હેતુસર મોંઘી હોટલોમાં મીટીંગો કરવાથી દૂર રહેવાની સલાહ પ્રધાનોને આપી હતી. વિવાદ બાદ નવા આંકડા સપાટી પર આવ્યા છે. આરટીઆઈ અપીલ કરનાર સુભાષચંદ્ર અગ્રવાલે કહ્યું છે કે લોકોને આ મુજબના ખર્ચ અંગે માહિતી મેળવવાનો પૂરો અધિકાર છે.

# રોમીંગ ફ્રી થશે પરંતુ કોલ રેટમાં જંગી વધારો ઝીંકાશે

નવી દિલ્હી, તા.૨૭

સરકારે દેશભરમાં ૨૦૧૩થી રોમીંગ ફ્રી કરવાની જાહેરાત કરી છે પરંતુ આનાથી કંપનીઓ કોલરેટમાં જંગી વધારો કરવાની તૈયારીમાં લાગી ગયા છે. દેશભરમાં રોમીંગ ૨૦૧૩થી ફ્રી કરવાની ટેલિકોમ પ્રધાન કપીલ સિબ્બલે સોમવારે જાહેરાત કરી હતી આના કારણે મોબાઈલ ફોનના ધારકોને મોટી રાહત થશે. પરંતુ સાથે સાથે કંપનીઓને જંગી ફટકો પડશે. રોમીંગ ચાર્જ નાબૂદ થઈ ગયા બાદ ટેલિકોમ ઓપરેટરોને ૫૦૦૦ કરોડનું નુકસાન થશે. સાથે સાથે તેમના નેટવર્કને રિટ્રક્ચરીંગ કરવામાં બીજા ૫૦૦૦ કરોડનું રોકાણ કરવું પડશે. આનો મતલબ એ થયો કે કંપનીઓને ૧૦,૦૦૦ કરોડની આસપાસનું નુકસાન થશે. જીએસએમ ઓપરેટરોનું પ્રતિનીધિત્વ કરતી ટોચની સંસ્થા સેલ્યુલર ઓપરેટર્સ એશોસીએશન ઓફ ઈન્ડિયાએ કહ્યું છે કે ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. રોમીંગ ચાર્જને નાબૂદ કરતા પહેલા ટેલિકોમ ઓપરેટરોના પ્રશ્નો રજૂ કરવામાં આવશે. સેલ્યુલર ઓપરેટર એસોસીએશન ઓફ ઈન્ડિયાના ડિરેક્ટર જનરલ રાજન મેથ્યુસે કહ્યું છે કે મફત રોમીંગ ચાર્જનો મતલબ એ છે કે ૫૦૦૦ કરોડનું મહેસૂલી નુકસાન થશે જે કુલ મહેસૂલના ૧૦ ટકા આસપાસ છે. ઉપરાંત રૂટીંગ ટ્રાફિકમાં વધારાનું રોકાણ કરવું પડશે. રોમીંગ ચાર્જ નાબૂદ થવાથી ઊંચા કોલ રેટની સ્થિતિ સર્જાશે. મહેસૂલી નુકસાનને પહોંચી વળવા માટે કોલ રેટમાં કંપનીઓ વધારો કરી શકે છે. રોમીંગ ચાર્જ નાબૂદ થયા બાદ રાહત મળવાની રાહ જોઈ રહેલા લોકો માટે આ નિરાશાજનક સમાચાર છે. કારણ કે એકબાજુ રોમીંગ ચાર્જ નાબૂદ થશે સાથે સાથે નુકસાનની ભરપાઈ કરવા માટે કોલ રેટમાં વધારો કરી દેવામાં આવશે. હાલમાં સરેરાશ ડોમેસ્ટીક રોમીંગ ચાર્જ પ્રતિ મિનિટ એક રૂપિયાની આસપાસ છે. ઈન્ડસ્ટ્રી રોમીંગ ચાર્જને નાબૂદીની હિલચાલને લઈને નારાજ છે. સરકાર સમક્ષ રજૂઆત કરવાના મૂડમાં પણ કંપનીઓ દેખાઈ રહી છે. ટેરીફમાં વધારો કરીને સ્થિતિને પહોંચી વળવાના પ્રયાસો કરવામાં આવશે.